# સુરતમાં સોસા.ના સાઈન બોર્ડ મૂકવામાં ભ્રષ્ટાચારનો આક્ષેપ




**એક** બોર્ડની કિંમત આશરે રૂ.2,617 જેટલી થાય છે, જ્યારે મનપા તરફથી રૂ.4,640 ચૂકવાયા, 4.04 કરોડના આશંકા

**9.28** કરોડનાં બોર્ડ કામમાં નીચી ગુણવત્તા, ટેન્ડર શરતોના ભંગ અને નગરસેવકોની કટકીના આક્ષેપ; તપાસની માંગ

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની સોસાયટી અને એપાર્ટમેન્ટોની ઓળખ માટે રોડ પર સાઈન બોર્ડ લગાવવાની યોજનામાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની આશંકા વ્યક્ત થઈ રહી છે.

RTI એક્ટિવિસ્ટ સંજય ઇઝાવાએ માહિતી અધિકાર હેઠળ મેળવેલી વિગતોના આધારે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમના જણાવ્યા મુજબ, મનપાના નવ ઝોનમાં અંદાજે 20 હજારથી વધુ બોર્ડ લગાવવાની મંજૂરી આપવામાં આવી હતી. એક બોર્ડનો યુનિટ રેટ 4,640.09 નક્કી કરાયો હતો, જેથી કુલ ખર્ચ 9.28 કરોડથી વધુ થાય છે.

ોહાલ સુધી અંદાજે 11 હજારથી વધુ બોર્ડ લગાવી દેવામાં આવ્યા હોવાનું અને તેના બદલામાં આશરે 5.27 કરોડ ચૂકવાઈ ગયા હોવાનું જણાવાયું છે.

ટેન્ડર શરતો મુજબ સ્થળ પર લગાવવામાં આવેલા બોર્ડમાં આ માપદંડોનું પાલન ન થયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

તેમણે દાવો કર્યો છે કે વાસ્તવમાં એક બોર્ડની કિંમત આશરે 2,617 જેટલી થાય છે, જ્યારે મનપા તરફથી 4,640 ચૂકવવામાં આવે છે. કુલ પ્રોજેક્ટમાં આ પ્રમાણ મુજબ 4.04 કરોડ જેટલા ભ્રષ્ટાચારની આશંકા દર્શાવવામાં આવી છે. સાથે જ નગરસેવકોના પ્રમાણપત્ર વગર બિલ મંજૂર ન થતું હોવાના કારણે કોન્ટ્રાક્ટરો પાસેથી કટકી વસૂલાત થતી હોવાનો પણ ગંભીર આક્ષેપ થયો છે.

બીજી તરફ મનપા તરફથી આક્ષેપો અંગે સત્તાવાર પ્રતિસાદ મળ્યો નથી. ઉલ્લેખનીય છે કે, આ મામલે હવે સુરત મનપા કમિ. દ્વારા તપાસ કરાવવામાં આવે તો જ આ કૌભાંડનો ભેદ ઉકેલાશે.

## કયા કયા ભ્રષ્ટાચારની શંકા?

1. ટેન્ડર મુજબ 4mm એલ્યુમિનિયમ શીટની જગ્યાએ પાતળી શીટ વપરાશ.
2. GI પાઈપની જગ્યાએ સસ્તી MS પાઈપનો ઉપયોગ.
3. 19.17 કિલો વજનના બદલે માત્ર 12 કિલો વજનનું સ્ટ્રક્ચર.
4. M20 કોંક્રીટ ફાઉન્ડેશનના બદલે નબળું અને ઓછું કોંક્રીટ કામ.
5. મનપાને ઊંચા દરે બિલિંગ અને સ્થળ પર ઓછી કિંમતનું કામ.
6. અંદાજે 43.60 ટકા નાણાકીય ગેરરીતિની શંકા.
7. કુલ પ્રોજેક્ટમાં 4 કરોડથી વધુ નુકસાનની આશંકા.
8. નગરસેવકોના પ્રમાણપત્રના બહાને કટકી વસૂલાતનો આક્ષેપ.
9. શહેરને ખાસ જરૂર ન હોવા છતાં બોર્ડ પ્રોજેક્ટમાં જાહેરનાણાનો બિનજરૂરી ખર્ચ.

## પાંડેસરામાં પાઇપ ફાટતાં 20 ફૂટ ઊંચો ફૂવારો



પાંડેસરામાં પાણીની લાઇન ફાટતા 20 ફૂટ ઊંચો ફૂવારો જોવા મળ્યો હતો. ગણેશ નગર જેવી ગીચ વસ્તી ધરાવતા વિસ્તારની મુખ્ય લાઇનમાં ભંગાણ પડવાને કારણે હજારો પરિવારોના પાણી પુરવઠા પર સીધી અને માઠી અસર પડી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, લાંબા સમય સુધી પાણીનો બગાડ થવા છતાં હાઇડ્રોલિક વિભાગ દ્વારા કોઈ ત્વરિત પગલાં લેવામાં આવ્યા નહોતા, જેને પરિણામે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ મામલે સુરત મહાનગરપાલિકાના હાઇડ્રોલિક વિભાગના અધિકારીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આ ઘટના કોઈ ચોક્કસ કનેક્શનમાં લીકેજ થવાને કારણે બની છે. હાલમાં ઝોનના અધિકારીઓ અને ટેકનિકલ ટીમને રિપેરિંગ માટે સ્થળ પર રવાના કરી દેવામાં આવી છે અને યુદ્ધના ધોરણે મરામતની કામગીરી પૂર્ણ કરી પાણી પુરવઠો યથાવત કરવાની ખાતરી આપવામાં આવી છે.

# પક્ષપલટો રોકવા આપ દ્વારા પોતાના ઉમેદવારો પાસેથી એફિડેવિટ લેવાઈ

**2021** બાદ 28 બેઠકો જીત્યા બાદ આપના 14 કોર્પોરેટરો ભાજપમાં જોડાઈ ગયા હતા

સુરત : તાજેતરમાં જ આપમાંથી રાજ્યસભામાં ચૂંટાયેલા સાત જેટલા સાંસદોએ પક્ષપલ્ટો કરતાં સુરત મનપાની ચૂંટણીમાં ઉમેદવારી કરનાર તમામ ઉમેદવારો પાસેથી આપ દ્વારા જીત્યા બાદ પક્ષપલ્ટો નહીં કરવાની એફિડેવિટ લેવામાં આવી રહી છે.

અગાઉ પણ 2021ની ચૂંટણીમાં સુરતમાં આમ આદમી પાર્ટીએ 28 બેઠખો મેળવ્યા બાદ આમ આદમી પાર્ટીમાં આંતરિક ભંગાણ શરૂ થયું અને ચૂંટાયેલા 14 કોર્પોરેટરો તબક્કાવાર ભાજપમાં જોડાયા. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટીએ આ વખતે ઉમેદવારોની પસંદગી બાદ સત્તાવાર મેન્ડેટ આપતા પહેલા જ લેખિત બાંહેધરી લેવાનું નક્કી કર્યું હતું. જેમાં ઉમેદવાર જીત્યા બાદ પક્ષ નહીં છોડે, અન્ય પક્ષમાં જોડાશે નહીં અને પાર્ટી પ્રત્યે વફાદાર રહેશે તેવો ઉલ્લેખ હોવાનું જાણવા મળે છે. હવે આ પગલાંથી પક્ષપલ્ટા પર કેટલો અંકુશ આવે છે તે જોવું રહ્યું.

### વરાછા વોર્ડ વં.3માં 'આપ' ઉમેદવારને ખ્રિસ્તી ગણાવી હિન્દુ સંગઠનોનો વિરોધ

સુરતઃ મહાનગરપાલિકાની ચૂંટણી વચ્ચે વોર્ડ નંબર-3 (વરાછા-સરથાણા-સિમાડા)માં રાજકીય ગરમાવો તેજ બન્યો છે. આમ આદમી પાર્ટીના ઉમેદવાર પ્રકાશ ચૌધરીની ધાર્મિક ઓળખ મુદ્દે હિન્દુ સંગઠનોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. કાર્યાલય બહાર ભેગા થયેલા કાર્યકરોએ ઉમેદવાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી માહોલ ગરમાવ્યો હતો. સંગઠનના આગેવાનોનો આક્ષેપ છે કે પ્રકાશ ચૌધરી અગાઉ માંડવી વિસ્તારમાં રહેતા સમયે ખ્રિસ્તી મિશનરી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હતા અને 'એન્થોની' તરીકે ઓળખાતા હતા. હવે ચૂંટણી જીતવા હિન્દુ નામ ધારણ કરી પૂજા-પાઠનો દેખાવ કરી રહ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. વરાછા અને લસકાણા વિસ્તારમાં 'ખ્રિસ્તી લેભાગુ તત્ત્વોને ઓળખો, સજાગ રહો' જેવા બેનરો પણ લગાવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. સંગઠનોએ ચીમકી આપી હતી કે ઓળખ બદલી રાજકીય લાભ લેવા માંગતા તત્ત્વોને જનતા સ્વીકારશે નહીં. વિવાદને પગલે વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. જોકે ઉમેદવાર તરફથી આક્ષેપો અંગે કોઈ સત્તાવાર પ્રતિસાદ મળ્યો નથી.

# સુરત મનપાની ચૂંટણીમાં વરાછા-કતારગામ સિવાય માહોલ નીરસ

**છેલ્લા** દિવસે રાજકીય પક્ષોએ બાઇક રેલી અને રોડ શોથી પ્રચારની ધૂમ મચાવી

**ભાજપ** અને આપનું સમગ્ર ધ્યાન સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં, સૌથી વધુ સભાઓ પણ ત્યાં જ થઈ

### પ્રચાર અભિયાનમાં સતત ત્રીજી ચૂંટણીમાં વરાછા રોડ અને અને કતારગામ કેન્દ્રબિંદુ રહ્યાં

સુરત મહાનગર પાલિકાની ચૂંટણીને હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે. ત્યારે દર પાલિકાની ચૂંટણીની સરખામણીમાં આ ચૂંટણીમાં પહેલી વખત સુરત મહાનગર પાલિકાની ચૂંટણી વરાછા અને કતારગામ કેન્દ્રીત બની ચૂકી છે. આ સિવાયનાં વિસ્તારોમાં હાલના તબક્કે પણ ચૂંટણીલક્ષી વાતાવરણ નીરસ જોવા મળી રહ્યું છે. ભાજપના ગઢ ગણાતા લિંબાયત, પાંડેસરા, ઉધના, રાંદેર સહિત કોટ વિસ્તારમાં તો મતદારો હજી સુધી અકળ નજરે પડી રહ્યા છે. તેમ છતાં ભાજપ આ વિસ્તારોમાં પોતાની બેઠકો જાળવી રાખવાનો દાવો કરી રહી છે. ભાજપ મોવડીમંડળનું સૌથી વધુ ધ્યાન સૌરાષ્ટ્રવાસી વિસ્તારો પર કેન્દ્રીત થયું છે. ભાજપ મોવડી મંડળ ગત મહાનગર પાલિકાની ચૂંટણીનું પુનરાવર્તન ન થાય એ માટે અંતિમ ઘડીએ મતદારોને પોતાની તરફેણમાં કરવા માટે રઘવાયું બન્યું છે.

સુરતઃ સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં માત્ર 10 દિવસના પ્રચાર પડઘમ વાગ્યા બાદ શુક્રવારથી પ્રચાર-પ્રસારનાં પડઘમ શાંત થઈ જતાં હવે આગામી 48 કલાક મતદારોને રીઝવવા માટે ગ્રુપ મિટિંગ્સ, સામાજિક આગેવાનો સાથે સંપર્ક અને તડજોડની રાજનીતિની ગતિવિધિઓ તેજ થઇ ગઈ છે. છેલ્લા દિવસે રાજકીય પક્ષોના રોડ શો અને બાઈક રેલીથી શહેર ગાજતું રહ્યું હતું. મનપાના 30 વોર્ડમાં 120 બેઠક પર ભાજપ-આપ અને કોંગ્રેસ વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાઈ રહ્યો છે. ત્યારે સૌરાષ્ટ્રવાસી વિસ્તારો મોટા વરાછા, નાના વરાછા, કાપોદ્રા, પુણા, સરથાણા, કતારગામમાં આ વખતે ચૂંટણીમાં ભારે ગરમાટો જોવા મળી રહ્યો છે. જ્યારે અન્ય વિસ્તારોમાં નીરસ માહોલ જોવા મળી રહ્યો છે

છેલ્લાં 37 વર્ષથી સુરત શહેર ભાજપનો ગઢ ગણાય છે. પરંતુ વર્ષ-2015માં પાટીદાર આંદોલન નડી જતાં વિપક્ષ કોંગ્રેસની 36 બેઠક, તો વર્ષ-2021માં પહેલી વખત ચૂંટણી લડી રહેલી આમ આદમી પાર્ટી 27 બેઠક જીતી લાવી હતી. જેના કારણે ભાજપને આંચકો લાગ્યો હતો. ચૂંટણીમાં કોંગ્રેસનો સફાયો થઇ ગયો હતો. આ વખતે ભાજપ ફરીવાર એકચક્રી શાસન ટકાવી રાખવા, આપ ઈતિહાસનું પુનરાર્વત કરવા અને કોંગ્રેસ મનપામાં કમબેક કરવા એડીચોટીનું જોર લગાવી રહી છે.

# વરાછા-કતારગામમાં કોણ 'વિભીષણ' નીકળશે?, બંને પક્ષમાં ભારે ચિંતા

**ભાજપમાં** ટિકિટ ફાળવણી બાદ ઉભા થયેલા અસંતોષમાં પ્રચારની કમાન ધારાસભ્યો પાસે

**આપમાં** પણ આંતરિક મતભેદો અને ઉમેદવારો વચ્ચેનો અસંતોષ નુકસાન પહોંચાડી શકે તેમ છે

સુરતઃ સુરત મહાનગરપાલિકાની વર્ષ 2026ની ચૂંટણી માટે પ્રચારના પડઘમ હવે શાંત થઈ ગયા છે, પરંતુ અંદરખાને રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ છે. વરાછા, કતારગામ અને લિંબાયત જેવા વિસ્તારોને બાદ કરતા મોટાભાગના શહેરમાં પ્રચાર નીરસ રહ્યો હોવાનું જણાય છે, પરંતુ પાટીદાર બહુમતી ધરાવતા વિસ્તારોમાં ભાજપ અને આપ બંને માટે 'ઘરના ભેદી' સૌથી મોટો ખતરો બનીને ઉભર્યા છે.

ટિકિટ ફાળવણી બાદ ઉભો થયેલો આંતરિક અસંતોષ, જૂથવાદ અને જ્ઞાતિવાદ હવે છેલ્લી ઘડીએ ગદ્દારીના ખેલમાં પરિવર્તિત થાય તેવી ભીતિ સેવાઈ રહી છે. શુક્રવાર અને શનિવારની 'કતલની રાત' દરમિયાન મતદારોને રીઝવવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે, જેમાં ગુપ્ત મીટિંગો, જ્ઞાતિ-સમાજના નામે છેલ્લી ઘડીના સેટિંગ અને મત ટ્રાન્સફર કરાવવાના ખેલ તેજ બન્યા છે. 10 હજાર કરોડથી વધુનું બજેટ ધરાવતી મનપા પર કબજો મેળવવા ભાજપ, આપ અને કોંગ્રેસ વચ્ચેના આ ત્રિપાંખીયા જંગમાં કોણ કોની બાજી બગાડશે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

આ ચૂંટણીમાં ભાજપમાં પ્રચારની કમાન ધારાસભ્યોએ સંભાળી છે, સામે આમ આદમી પાર્ટીમાં પણ આંતરિક મતભેદો અને ઉમેદવારો વચ્ચેનો અસંતોષ અંતિમ ક્ષણોમાં નુકસાન પહોંચાડી શકે તેમ છે. પ્રચાર ભલે સત્તાવાર રીતે બંધ થયો હોય, પરંતુ ડોર-ટુ-ડોર સંપર્ક અને વ્યક્તિગત સમજાવટ દ્વારા મતદારોને પ્રભાવિત કરવાનો દોર ચાલુ છે. બહારથી શાંત દેખાતો રાજકીય માહોલ અંદરખાને ચાલુ જ રહેશે. જ્યાં ગદ્દારીની અટકળોએ ઉમેદવારોના શ્વાસ અધ્ધર કરી દીધા છે. શનિવારની રાત્રે થનારા ગુપ્ત સોદા અને ગોઠવણો જ જીત-હારનું અંતિમ સમીકરણ નક્કી કરશે. પરિણામના દિવસે જ સ્પષ્ટ થશે કે 'કતલની રાત' ના ખેલમાં કોણે બાજી મારી અને કોના પોતાના જ સાથીઓએ ખેલ બગાડ્યો. હાલ તો સુરતનું રાજકારણ અનિશ્ચિતતા અને તણાવપૂર્ણ અટકળો વચ્ચે ઘેરાયેલું છે.

# સુરત મહાનગરપાલિકા ચૂંટણી સંગ્રામ-2026

## વોર્ડ નં.29 (અલથાણ-બમરોલી-વડોદ)

# પોશ-શ્રમિક વિસ્તારોનું મિશ્રણ, સુવિધાઓ જેટલી જ ફરિયાદો

સુરતના દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ ઝોનના સંગમ પર આવેલો આ વોર્ડ ભૌગોલિક રીતે ખૂબ જ વૈવિધ્ય ધરાવે છે. એક તરફ પોશ ગણાતો અલથાણ વિસ્તાર છે, તો બીજી તરફ બમરોલી અને વડોદ જેવા શ્રમિક અને મધ્યમ વર્ગના વિસ્તારો છે. આ વોર્ડમાં જૂના ગામતળ અને અત્યાધુનિક હાઈરાઈઝ બિલ્ડિંગ્સનું મિશ્રણ જોવા મળે છે. વર્ષ-2021ની ચૂંટણીમાં આ બેઠક પર ભાજપનો વિજય થયો હતો. અગાઉ અહીં કુલ 1,01,123 મતદાર હતા અને 94 બુથ હતા. જો કે, એસઆરઆઈ બાદ હવે 35 હજારથી વધુ મતદાર કમી થયા બાદ નવી મતદાર યાદીમાં આ વોર્ડમાં 63,681 મતદાર રહ્યા છે અને બુથની સંખ્યા 67 છે. વર્ષ-2021માં અહીંથી ભાજપનાં સુધા પાંડેય, વૈશાલી પાટીલ, કનૈયા પટેલ, બંશુ યાદવ જિત્યાં હતાં. જ્યારે બીજા નંબરે અહીં કોંગ્રેસ રહી હતી. ભાજપના ચારેય ઉમેદવારો મળી કુલ 67,940 મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસને 47,491 મત મળ્યા હતા. આમ બંને વચ્ચે 20,449 મતનું અંતર હતું. આ વોર્ડમાં ધનાઢ્ય અને શ્રમિક, બંને વર્ગમાં મત મેળવનાર જ જીતશે.

### જાતિગત સમીકરણ

- મિશ્ર વસતીનું માળખુંઃ અલથાણ અને ભીમરાડ જેવા વિસ્તારોમાં જૈન, વાણિયા, પાટીદાર અને બ્રાહ્મણ સમાજના ઉચ્ચ મધ્યમ વર્ગના પરિવારો વસે છે. જેઓ મુખ્યત્વે ભાજપના સમર્થક ગણાય છે. બીજી તરફ બમરોલી અને વડોદમાં પરપ્રાંતીય શ્રમિકો અને મધ્યમ વર્ગના લોકોનું વર્ચસ્વ છે. ઉપરાંત તળ સુરતી એવા ખત્રી સમાજ કોટ વિસ્તારમાંથી અલથાણ વિસ્તારમાં મોટા પાયે સિફ્ટ થયો છે. જે ભાજપની પરંપરાગત વોટબેંક ગણાય છે.
- શિક્ષિત મતદારો અને વ્યાવસાયિકોઃ આ વોર્ડમાં ડોક્ટર્સ, એન્જિનિયર્સ અને બિઝનેસમેનોની મોટી સંખ્યા છે. અલથાણના જાગૃત મતદારો નગરપાલિકાની સુવિધાઓ અને સ્માર્ટ સિટીના પ્રોજેક્ટ્સ પર ખાસ નજર રાખે છે.
- શ્રમિક અને ગ્રામીણ વર્ગઃ વડોદ અને બમરોલીના કેટલાક ભાગો હજુ પણ ગ્રામીણ સંસ્કૃતિ અને શ્રમજીવી ઓળખ ધરાવે છે. અહીં ઓબીસી અને અન્ય પછાત જ્ઞાતિઓના મતો પણ પરિણામ પર અસર પાડી શકે છે.

### રાજકીય સ્થિતિ અને મુખ્ય સમસ્યાઓ

**પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા**

પુરુષ મતદારઃ 34,892
સ્ત્રી મતદારઃ 28,788
કુલ મતદારઃ 63,681

વોર્ડ નં.29માં વિકાસની ગતિ તેજ છે, પરંતુ તે અલથાણ વિસ્તારમાં જ દેખાય છે. પરંતુ પોશ ગણાતા અલથાણ વિસ્તારમાં પણ ટ્રાફિકનું આયોજન અને પાર્કિંગની સમસ્યા વધી રહી છે. બમરોલી વિસ્તારમાં તબેલા અને રખડતા ઢોરની સમસ્યા અને વડોદના વિસ્તારોમાં પ્રદૂષણ અને ડ્રેનેજ લાઈનોની સમસ્યા મુખ્ય છે. મેટ્રોની કામગીરીને લીધે ખોદાયેલા રસ્તા અને ધૂળનું પ્રદૂષણ સ્થાનિકોમાં નારાજગીનું કારણ બની શકે છે. ખાસ કરીને વડોદ વિસ્તારમાં હજુ પણ કેટલાક પાયાની આંતર માળખાગત સુવિધાઓનાં કામો અધૂરાં હોવાની ફરિયાદો ઊઠતી રહે છે.

### ભૌગોલિક સ્થિતિ

આ વોર્ડની સીમાઓ વીઆઈપી રોડ, અલથાણ કેનાલ રોડ, ભીમરાડ, બમરોલી ગામ અને વડોદના રહેણાક વિસ્તારોને આવરી લે છે. આ વોર્ડ એક તરફ ડુમસ રોડ (અઠવા ઝોન) અને બીજી તરફ પાંડેસરા અને ઉધના ઝોનને સ્પર્શે છે. ભૌગોલિક રીતે આ વોર્ડ સુરતના સૌથી ઝડપથી વિકસતા વિસ્તારોમાંનો એક છે, જ્યાં અનેક નવા રેસિડેન્શિયલ પ્રોજેક્ટ્સ કાર્યરત છે.




### ચૂંટણી સમયે ભાજપની સભાઓ અને રેલીથી ગાજતા

# કોટ વિસ્તારમાં જીતી જવાની ગણતરીથી ભાજપની કોઈ મોટી સભા કરાઈ નહીં!

**અગાઉ** ભાજપની કોટસફિલ રોડ, મોતી ટોકિઝ અને ઉધના દરવાજા વિસ્તારમાં ખાસ સભા થતી હતી

**આ વખતે** ભાજપના ઉમેદવારો સામે કોઈ ઉગ્ર વિરોધ નથી, કોંગ્રેસ કે આપ જીત સુધી પહોંચી શકે તેમ નથી

સુરતઃ એક સમયે સુરતમાં રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર મનાતો કોટવિસ્તાર આ ચૂંટણીમાં શાંત છે. વરાછા-કતારગામ કે પછી લિંબાયત-ડિંડોલીમાં ચૂંટણી જંગનો માહોલ દેખાય છે પરંતુ કોટવિસ્તારમાં ક્યાંય ચૂંટણી હોય તેવો માહોલ જ નથી. ભૂતકાળમાં જ્યારે પણ ચૂંટણી હોય ત્યારે કોટસફિલ રોડ, ઉધના દરવાજા કે પછી બેગમપુરા, મોતીટોકિઝ પાસે અચુક સભા થતી હતી. પરંતુ હવે તેવી સ્થિતિ નથી. કોટવિસ્તારમાં ભાજપ મજબુત છે. છેલ્લી બેથી ત્રણ ચૂંટણીઓ ભાજપ હાર્યું નથી. કોંગ્રેસને વચ્ચે એકાદ-બે વોર્ડમાં જીત મળી હતી પરંતુ તે ક્ષણિક પુરવાર થઈ હતી. જ્યારે આપ માટે કોટવિસ્તાર જાણે અછુત સમાન છે. કોટવિસ્તારનો સમાવેશ કરતાં હોય તેવા ચાર, વોર્ડ નંબર ૧૨ (નાણાવટ - સૈયદપુરા - કુબેરનગર - મહીધરપુરા), વોર્ડ નંબર ૧૩ (વાડીફળીયા - નવાપુરા - બેગમપુરા - સલાબતપુરા), વોર્ડ નંબર ૧૯ (સંગ્રામપુરા - રુસ્તમપુરા - ઉધના) તેમજ વોર્ડ નંબર ૨૦ (સોની ફળીયા - નાનપુરા - અઠવા)નો સમાવેશ થાય છે. આ તમામ વોર્ડમાં છેલ્લી બે ચૂંટણીથી ભાજપ જ જીતતું આવ્યું છે. કોંગ્રેસના ઉમેદવારો આ ચારેય વોર્ડમાં છે પરંતુ તેઓ જીતની નજીક પહોંચે તેવી સંભાવના ઓછી છે. જ્યારે આપ ત્રીજા ક્રમે રહેશે તેવું દેખાઈ રહ્યું છે. કોટવિસ્તારમાં ભાજપમાં કેટલોક અસંતોષ છે પરંતુ આ અસંતોષ ભાજપના ઉમેદવારોનો નુકસાન કરે તેવો નથી.

કોટ વિસ્તારમાં ભાજપના ઉમેદવારોનો પણ એટલો ઉગ્ર વિરોધ નથી. જેને કારણે ભાજપના નેતાઓને જીતનો વિશ્વાસ છે. ભુતકાળમાં કોંગ્રેસને મતદાન કરતાં વ્હોરા સમાજના લોકો પણ છેલ્લી કેટલીક ચૂંટણીથી ભાજપની સાથે જોડાઈ ગયા હોવાનો ભાજપનો દાવો છે. બીજી તરફ કોંગ્રેસ પાસે સંગઠન નબળું છે. કોંગ્રેસના કમિટેડ મતદારો જરૂર છે પરંતુ સાથે સાથે આ મતદારોને મતદાનમથક સુધી લઈ જઈને મત અપાવી શકે તેવા કાર્યકરોનો અભાવ છે. આજ કારણ છે કે ભાજપ કોટવિસ્તારમાં મજબુત બન્યું છે. કોટવિસ્તારમાં આપનું કોઈ સંગઠન જ નથી. ભાજપનો એવો દાવો છે કે રાણા સમાજ અને ખત્રી સમાજ તેમની સાથે છે. જેને કારણે તેમની સ્થિતિ મજબુત છે. જોકે, હવે મતદાનના દિવસે શું થાય છે તે જ મહત્વનું છે.

# ડિંડોલીમાં લોકોએ ભાજપના ઉમેદવારોને કહ્યું, લેખિતમાં ખાતરી આપો તો જ વોટ

**લોકોની** માંગ હતી કે 30 વર્ષથી એક જ વિસ્તારમાં છો તો રિઝર્વેશનની સમસ્યા કેમ ઉકેલી નથી?

સુરતઃ સુરત મનપાની ચૂંટણીમાં મતદાનને આડે હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે ત્યારે વોર્ડ નંબર 27 ડિંડોલી (દક્ષિણ)માં ભાજપના ઉમેદવારોને લોકોએ એવું કહ્યું હતું કે, 'રિઝર્વેશન દૂર કરવાનું લેખિતમાં આપો તો જ વોટ મળશે'. જ્યારે ભાજપના ઉમેદવારો આ વિસ્તારમાં પ્ચાર માટે ગયા ત્યારે લોકોએ એવું કહ્યું હતું કે, ''ચૂંટણી સમયે જ તમે દેખાઓ છો, જીત્યા પછી મોઢું પણ બતાવતા નથી.'' 30-30 વર્ષથી એક જ વિસ્તારમાં રહેતા હોવા છતાં રિઝર્વેશનની સમસ્યા ઉકેલવામાં નિષ્ફળ રહેલા શાસકો સામે લોકોનો પિત્તો ગયો હતો. જ્યારે ભાઈદાસ પાટીલ અને અન્ય ઉમેદવારોએ બચાવ કરતા કહ્યું કે રસ્તા, ગટર અને પાણીના કામો થયા છે, ત્યારે લોકોએ તેમને એવું કહ્યું હતું કે, ''આ કામો અમારા ટેક્સના પૈસાથી થયા છે, તેમાં કોઈ નવી વાત નથી.'' લોકોનો સીધો આક્ષેપ હતો કે વિકાસ માત્ર કાગળ પર અને ભાષણોમાં જ છે, વાસ્તવિકતામાં જનતા આજે પણ પાયાની સુવિધાઓ માટે વલખાં મારી રહી છે.

## વોર્ડ નં.30 (કનસાડ-સચિન-ઉન-આભવા)

# છેવાડાના આ વોર્ડમાં ગ્રામીણ અને પરપ્રાંતીય મતદારોનું પ્રભુત્વ

સુરત શહેરનો આ વોર્ડ ભૌગોલિક દૃષ્ટિએ સૌથી મોટો અને વિવિધતા ધરાવતો વોર્ડ છે. તેમાં ઔદ્યોગિક વિસ્તાર તરીકે ઓળખાતા સચિન, લઘુમતી બહુલ ઉન, અને ગ્રામીણ પૃષ્ઠભૂમિ ધરાવતા કનસાડ તેમજ આભવા જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. આ વોર્ડમાં શહેરી અને ગ્રામીણ સંસ્કૃતિનો સંગમ જોવા મળે છે. વર્ષ-2021ની ચૂંટણીમાં આ બેઠક પર ભાજપના ઉમેદવારોનો વિજય થયો હતો. અગાઉ અહીં કુલ 1,05,451 મતદાર હતા અને 103 બુથ હતા. જો કે, એસઆરઆઈ બાદ હવે પરંતુ નવી મતદાર યાદીમાં આ વોર્ડમાં 86,974 મતદાર રહ્યા છે અને બુથની સંખ્યા 91 છે. વર્ષ-2021માં અહીંથી ભાજપના પીયૂષા પટેલ, રીના રાજપૂત, હસમુખ ના.કા અને ચિરાગ સોલંકી જિત્યાં હતાં. જ્યારે બીજા નંબરે અહીં કોંગ્રેસ રહી હતી. ભાજપના ચારેય ઉમેદવારો મળી કુલ 93,943 મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસને 54,586 મત મળ્યા હતા. આમ બંને વચ્ચે 39,357 મતનું અંતર હતું. આ વોર્ડમાં પરપ્રાંતિયો અને શ્રમિકો, એમ બંને વર્ગમાં મતો મેળવી શકનાર પક્ષ અને ઉમેદવાર જીતી શકશે.

### જાતિગત સમીકરણ

- શ્રમિક અને પરપ્રાંતીય મતદારોઃ સચિન જીઆઈડીસી અને તેની આસપાસની વસાહતોમાં ઉત્તર પ્રદેશ, બિહાર અને ઓડિશાના શ્રમિકોની વસતી ખૂબ મોટી છે. આ મતદારો ચૂંટણીમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ખાસ કરીને શ્રમજીવી વર્ગના પ્રશ્નો અહીં કેન્દ્ર સ્થાને રહે છે.
- લઘુમતી મતોનું વર્ચસ્વઃ ઉન અને સચિનના કેટલાક ભાગોમાં લઘુમતી સમુદાયના મતદારોની સંખ્યા નોંધપાત્ર છે. આ મતો સામાન્ય રીતે કોંગ્રેસ અથવા અન્ય વિપક્ષી દળો તરફ ઢળતા જોવા મળે છે, જે ભાજપ માટે આ વિસ્તારમાં હંમેશાં પડકારરૂપ રહે છે.
- ગ્રામીણ અને કોળી પટેલ સમુદાયઃ આભવા અને કનસાડ જેવા વિસ્તારોમાં સ્થાનિક કોળી પટેલ અને આદિવાસી સમાજના મતદારોનું વર્ચસ્વ છે. આ મતદારો પરંપરાગત રીતે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે વહેંચાયેલા રહે છે, પરંતુ વિકાસના મુદ્દાઓ અહીં મહત્ત્વના બને છે.

### રાજકીય સ્થિતિ અને મુખ્ય સમસ્યાઓ

**પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા**

પુરુષ મતદારઃ 46,089
સ્ત્રી મતદારઃ 40,882
કુલ મતદારઃ 86,974

વોર્ડ નં.30માં સૌથી મોટી સમસ્યા પ્રદૂષણની છે. સચિન જીઆઈડીસીના કેમિકલયુક્ત પાણી અને હવાના પ્રદૂષણને કારણે સ્થાનિક રહીશોનું આરોગ્ય જોખમાય છે. ઉન વિસ્તારમાં ગીચ વસતી હોવાને કારણે ડ્રેનેજ, પીવાનું પાણી અને ગંદકીના પ્રશ્નો વર્ષોથી વણઉકેલ્યા છે. આભવા અને કનસાડ જેવા નવા ભળેલા વિસ્તારોમાં હજુ પણ ટીપી સ્કીમ અને પાયાની સુવિધાઓનો અભાવ જોવા મળે છે. સચિન વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા અને રસ્તાઓની બિસમાર હાલત વારંવાર ચર્ચાનો વિષય બને છે. પૂરતી હોસ્પિટલ્સ અને શિક્ષણની સુવિધાઓ પણ આ વિસ્તારમાં એક મોટો મુદ્દો છે.

### ભૌગોલિક સ્થિતિ

આ વોર્ડની સીમાઓ સચિન રેલવે સ્ટેશનથી લઈને હજીરા તરફ જતા રસ્તા સુધી અને બીજી તરફ આભવા ગામના દરિયા કાંઠાના વિસ્તારો સુધી વિસ્તરેલી છે. આ વોર્ડ સચિન, ઉન, કનસાડ, આભવા અને તલંગપુર જેવા વિસ્તારોને આવરી લે છે. ભૌગોલિક રીતે મોટો હોવાને કારણે અહીં જનપ્રતિનિધિઓ માટે તમામ વિસ્તારોમાં પહોંચવું અને સમાન વિકાસ કરવો એક મોટી જવાબદારી બની જાય છે.

